# જવાબદારીયુક્ત નેતૃત્વ

## ગીતામાંથી લીધેલો સાર



લેખક
**જી. નારાયણ**

ગુજરાતી અનુવાદ
**હસમુખ ઉપાધ્યાય**

Saraswati Natwarlal Bhagwati-AMA
Centre for Leadership Development

AHMEDABAD
MANAGEMENT
ASSOCIATION

# જવાબદારીયુક્ત નેતૃત્વ

## ગીતામાંથી લીધેલો સાર

લેખક:

**શ્રી જી. નારાયણ**

ગુજરાતી અનુવાદ:

**શ્રી હસમુખ ઉપાધ્યાય**

**Saraswati Natwarlal Bhagwati-AMA
Centre for Leadership Development**

AHMEDABAD
MANAGEMENT
ASSOCIATION

Core-AMA Management House • Torrent-AMA Management Centre
ATIRA-AMA Centre for Textile Studies, ATIRA Campus
Dr. Vikram Sarabhai Marg, Ahmedabad 380 015

Fourth Reprint: September 2007
Fifth Print: November 2015

જવાબદારીયુક્ત નેતૃત્ત્વ - ગીતામાંથી લીધેલો સાર

Published by
**Ahmedabad Management Association**

Shilp Gravures-AMA Media Outlet
Core-AMA Management House • Torrent-AMA Management Centre
ATIRA-AMA Centre for Textile Studies, ATIRA Campus
Dr. Vikram Sarabhai Marg, Ahmedabad 380 015

Phone: 26308601 • Fax: 26308606
E-mail: amaahd@gmail.com
Website: www.amaindia.org

Printed by
N.K. Printers, Ahmedabad

# અર્પણ

**પરમ આદરણીય ગુરુજી શ્રી જી. નારાયણને**..........

જેમનાં વાત્સલ્યસભર પ્રેમપૂર્ણ માર્ગદર્શન અને પ્રેરણાથી શ્રીમદ્ ભગવદ્ ગીતામાં મારાં શ્રધ્ધા અને સમર્પણ દૃઢ થયાં છે અને જેમનાં શુભાશિષથી આ રચના શક્ય બની છે.

અસ્તુ.

**હસમુખ ઉપાધ્યાય**

# પ્રસ્તાવના

આજના વૈશ્વિક માહોલમાં વિકાસ ક્ષેત્રે અસરકારક કામગિરી કરવા સર્વાંગીણ ષ્ટિ ધરાવનાર નેતૃત્ત્વની તાતી જરૂર છે. જવાબદારીયુક્ત નેતૃત્ત્વ તૈયાર કરવાના ઉદ્દેશથી "જવાબદારીયુક્ત નેતૃત્વ" (ગીતામાંથી લીધેલો સાર) અનુવાદ પુસ્તિકાને પ્રકાશિત કરતાં અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન ખૂબ આનંદ અનુભવે છે. આ અંગ્રેજી રચના ગુરૂજી શ્રી જી. નારાયણની "રિસ્પોન્સિબ લીડરશીપ ઈન ધ ગીતા" નો ગુજરાતી અનુવાદ શ્રી હસમુખ ઉપાધ્યાયે કર્યો છે. આ અનુવાદ પુસ્તિકામાં "ગીતા" ધાર્મિકગ્રંથમાં નેતૃત્ત્વને સંબંધિત બતાવેલ વિચારોનો ભાવાનુવાદ છે, જેમાં પ્રોત્સાહક નેતૃત્ત્વ, કર્મશીલ નેતા, શીખવું, સંપૂર્ણ એકાગ્રતા, સર્વોત્તમ મિત્ર, મૂલ્યવર્ધક નેતૃત્ત્વ, કલ્યાણ, દિવ્યષ્ટિ, હૃદયસભર નેતૃત્ત્વ, અંતિમ સ્થાન, સફળ સમૂહ, નમ્ર શિક્ષક અને અધ્યક્ષ ષ્ટિ વગેરે વિશે સમીક્ષા કરી છે. આ પુસ્તિકાનો અનુવાદ તેલુગુ અને મલયાલમ ભાષામાં કરેલ છે.

આ અનુવાદ પુસ્તિકાને પ્રકાશિત કરતાં અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશનના પ્રમુખ તરીકે અનુવાદકશ્રી હસમુખ ઉપાધ્યાયનો લાગણીસભર આભાર માનું છું. આ પુસ્તિકાના લેખક શ્રી જી. નારાયણ દ્રવારાં મળતા સહકાર અને મદદ તેમજ આ પુસ્તક લખવા બદલ તેમનો આભાર માનું છું. સફળ નેતૃત્ત્વ કેળવવા ઈચ્છતાં સાહસિકોને આ પુસ્તિકા ઉપયોગી થાય તેવી આશા રાખું છું અને મીઠી શુભેચ્છા પાઠવું છું.

**યતીન્દ્ર શર્મા**
પ્રમુખ
અમદાવાદ મેનેજમેન્ટ અસોસિયેશન

# જવાબદારીયુક્ત નેતૃત્ત્વ - ગીતામાંથી લીધેલો સાર


| અનુક્રમ | તત્ત્વ | શ્લોક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પ્રોત્સાહક નેતૃત્ત્વ | ૨(૩) | ૧ |
| ૨. | વર્તમાન વાસ્તવિકતા | ૨(૧૧) | ૩ |
| ૩. | પરસ્પર આધાર | ૩(૧૧) | ૫ |
| ૪. | નેતૃત્ત્વનું સ્વયંદૃષ્ટાંત | ૩(૨૧) | ૭ |
| ૫. | કર્મશીલ નેતા | ૩(૨૨) | ૯ |
| ૬. | નમ્ર શિક્ષક | ૩(૨૬) | ૧૧ |
| ૭. | અરાજક્તા અને નેતૃત્ત્વનો ઉદય | ૪(૭) | ૧૩ |
| ૮. | સત્યની સંસ્થાપના | ૪(૮) | ૧૫ |
| ૯. | જ્ઞાનાગ્નિ | ૪(૧૯) | ૧૭ |
| ૧૦. | શીખવું | ૪(૩૪) | ૧૯ |
| ૧૧. | શ્રધ્ધાસભર ગુરુ | ૪(૩૯) | ૨૧ |
| ૧૨. | નિઃશંક નિશ્ચય | ૪(૪૨) | ૨૩ |
| ૧૩. | સંપૂર્ણ એકાગ્રતા | ૫(૧૭) | ૨૫ |
| ૧૪. | સર્વોત્તમ મિત્ર | ૬(૫) | ૨૭ |
| ૧૫. | સમદર્શી નેતૃત્ત્વ | ૬(૨૯) | ૨૯ |
| ૧૬. | ધૈર્યદત્ત નેતૃત્ત્વ | ૬(૪૦) | ૩૧ |
| ૧૭. | મૂલ્યવર્ધક નેતૃત્ત્વ | ૭(૭) | ૩૩ |
| ૧૮. | અધ્યક્ષ દૃષ્ટિ | ૯(૧૦) | ૩૫ |
| ૧૯. | ભૂમિકા | ૯(૧૮) | ૩૭ |
| ૨૦. | કલ્યાણ | ૯(૨૨) | ૩૯ |
| ૨૧. | પ્રયત્નસભર અર્પણ | ૯(૨૬) | ૪૧ |
| ૨૨. | દિવ્ય દૃષ્ટિ | ૧૧(૫) | ૪૩ |
| ૨૩. | ભક્તિ-પ્રેમ | ૧૨(૨૦) | ૪૫ |
| ૨૪. | હૃદયસભર નેતૃત્ત્વ | ૧૩(૧૭) | ૪૭ |
| ૨૫. | અધિકાર સ્વાતંત્ર્ય | ૧૮(૬૩) | ૪૯ |
| ૨૬. | અંતિમ સ્થાન | ૧૮(૬૬) | ૫૧ |
| ૨૭. | સફળ સમૂહ | ૧૮(૭૬) | ૫૩ |

## ૧

# પ્રોત્સાહક નેતૃત્વ

क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं तयक्त्वोत्तिष्ठ परन्तप ।।

પાર્થ, તું કાયર ન થા, ઉદાસી શોભતી નથી,
ઊઠ શીઘ્ર પરંતપ ! ભાવ તું દુર્બળ ત્યજી.
૨(૩)

# પ્રોત્સાહક નેતૃત્ત્વ

કટોકટીની પળે જયારે કોઈ યશસ્વી બહાદૂરને હીનતાની લાગણી ઘેરી વળે છે તેવા સમયે ખરો નેતા આવા હતાશ પુરુષાર્થીને તેની આંતરિક શક્તિઓની સ્મૃતિ કરાવે છે. અને તેવા કાળે ભીરુતાની નિરર્થકતા સમજાવી તેની પલાયનવૃત્તિને નિર્મૂળ કરે છે.

સાચો નેતા જૂથના પ્રત્યેક સભ્યને નૈતિક બળ પૂરું પાડે છે જરૂરી પ્રેરણા, પ્રોત્સાહન આપે છે અને તેનામા વિકટ લાગતી પરિસ્થિતિને પડકારવાની શક્તિ પેદા કરે છે.

કઠોરતમ પરિસ્થિતિમાં પણ કૃતનિશ્ચયી અને પરાક્રમી રહી ચૂકેલા તેવા આ સાક્ષાત દૃષ્ટાંતરૂપ નેતા પુનરુત્થાન અને સફળતાનો માર્ગ દર્શાવે છે અને હતોત્સાહીનું નિશ્ચિત વિજેતામાં પરિવર્તન કરે છે.

**હતાશામાં પ્રાણ પ્રગટ, પ્રેરણાથી થાય છે,**
**હારવાની બીક જતાં, જીત હાંસલ થાય છે.**

## ૨

# વર્તમાન વાસ્તવિકતા

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।
गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः ।।

શોક કરે અયોગ્યનો, ને પાછો તું તર્ક કરે
જીવતા-નજીવતાનાં, જ્ઞાનીઓ શોક ના કરે.

૨(૧૧)

## વર્તમાન વાસ્તવિકતા

જૂથનો કોઈ એક સભ્ય વ્યથિત હોય છે ત્યારે તે ભૂતકાળ અથવા ભવિષ્યકાળમાં સરી જાય છે અને જે થયું છે અથવા જે શક્ય થયું નથી તેની ચિંતા કરે છે અને ગ્લાનિ અનુભવે છે. પ્રખર નેતા તે સભ્યને વર્તમાન વાસ્તવિકતામાં લાવે છે.

વ્યક્તિનાં મનમાં ઊઠતાં તર્ક અને માન્યતાઓમાંથી ચિંતા ઉત્પન્ન થતી હોય છે. પ્રખર નેતા આવી વ્યક્તિને તર્ક અને કારણોનાં કુંડાળામાંથી બહાર કાઢે છે અને તે વર્તમાન પરિસ્થિતિનો સામનો કરે અને ઉપાયો શોધે તેવી સમજ મેળવવામાં મદદ કરે છે.

**સ્વીકારવું જે જે થયું, ચિંતા નહીં જો ના થયું,**
**આ બેઉ જો આવડ્યાં તો, ડહાપણ સાચું થયું.**

# ૩

## પરસ્પર આધાર

देवान्भावयतानेन ते देवा भावयन्तु वः ।
परस्परं भावयन्तः श्रेयः परमवाप्स्यथ ।।

તમે દેવોને રીઝવો, દેવો તમને રીઝવે,
પરસ્પર શુભ વાંછી, પામો ઉત્તમ શ્રેયને.

૩(૧૧)

## પરસ્પર આધાર

એકબીજાનો સ્વીકાર, પરસ્પરાવલંબન, શુભચિંતન અને સહયોગ પ્રખર નેતાગીરીનાં પ્રાથમિક લક્ષણો છે. પરસ્પર સારસંભાળ અને સાથે મળીને વહેંચવાની ભાવનાથી, સંબંધિત અને સંલગ્ન સક્રીય સમૂહોમાં સર્વત્ર સુખાકારી જળવાય છે.

સિધ્ધિ અને સફળતા મળે ત્યારે  અત્યંત આવશ્યક છે કે સફળતા પ્રાપ્ત કરનાર સમૂહ અને સફળ લોકો પોતાના સાહસમાં જેમણે જેમણે યત્કિંચિત્ સહાય, શુભેચ્છા આપ્યાં હતાં તે સહુને યાદ કરે અને તેમના તરફ યથોચિત કૃતજ્ઞતા વ્યકત કરે.

ફક્ત સિધ્ધિની જ નહીં, તેનાં શ્રેયની પણ આપસમાં વહેંચણી કરવાને કારણે સફળતા અલૌકિક બને છે.

સમૂહ અને સમૂહનાં સભ્યો પોતાની પ્રગતિમાં બધાં સહયોગી જૂથોનો સમાવેશ કરે છે, બધાંને સાથે રાખે છે, ત્યારે તે પ્રગતિ સાર્વત્રિક ઉન્નતિ અને સમૃધ્ધિ આણે છે.

પ્રગતિ અને સમૃધ્ધિ ગુણાકારની રીતે વધે છે અને બધે વિપુલતા અને સંવાદિતા થાય છે.

**સમર્પણ અને સ્વીકાર, આપો અને મેળવો,**
**તેન ત્યક્તેન ભૂંજિથાઃ ત્યાગો અને ભોગવો.**

૪

## નેતૃત્ત્વનું સ્વયંદૃષ્ટાંત

यद्यदाचरति श्रेष्ठ स्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ।।

શ્રેષ્ઠજનો કરે જે જે લોકો સર્વે અનુસરે,
એ જે પ્રમાણિત કરે, સમૂહ તે અનુસરે.

૩(૨૧)

# નેતૃત્ત્વનું સ્વયંદૃષ્ટાંત

શ્રેષ્ઠ નેતાને સહુ અનુસરે છે અને તેથી લોકોના મન અને વ્યવહાર પર આવા ઉમદા નેતાના વિચારો અને આચરણની ખૂબ અસર થાય છે. આથી શ્રેષ્ઠ અને સદાચારી રહેવું તે નેતૃત્વ સંભાળનારનાં ઉત્તરદાયિત્વ અને ફરજ બને છે.

સભ્યોને સાચો માર્ગ અને સાચી દિશા સમજાય તે માટે નેતાએ પોતાનાં  વ્યવહાર અને આચરણ દ્વારા આયામો અને માપદંડો સ્થાપવાના હોય છે. નેતાના શ્રેષ્ઠ આચરણથી પ્રેરાયેલા લોકો સ્વયં જ શ્રેષ્ઠ રીતે વર્તશે, સિધ્ધિ પામશે અને પોતપોતાના સ્થાને અનુકરણીય નેતા બનશે.

સાચો નેતા વધુ ને વધુ લોકો સારા નેતા બને તે માટે યત્નશીલ રહે છે.

અને એ પણ સાચું છે કે ઉચ્ચ સ્થાને બેઠેલા લોકો અયોગ્ય અને અનુચિત વર્તન કરે ત્યારે તેમના અનુયાયીઓ પણ તેવું જ વર્તન કરશે અને અમે અમારા નેતાનું અનુકરણ કરીએ છીએ તેવું જાહેરમાં કહેતા ફરશે.

શ્રેષ્ઠ પ્રતિપ્રાપ્તિ માટે નેતાએ શ્રેષ્ઠ દાખલો બેસાડવો પડે છે.

શ્રેષ્ઠતામાંથી વધુ શ્રેષ્ઠતા ઉદ્‌ભવે છે.

સ્વયં જ દૃષ્ટાંત બની માર્ગદર્શન કરવું તે નેતૃત્વ છે.

**મન વચન ને કર્મ એક, ઉમદા નેતાની આ ટેક,**
**શ્રેષ્ઠમાંથી શ્રેષ્ઠ નીપજે, એક જ્યોતથી જ્યોત અનેક.**

૫

## કર્મશીલ નેતા

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किञ्चन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ।।

કાર્ય શેષ કાંઈ મારે, ત્રિલોકે નહીં ભારત !
પ્રાપ્ય બધું છે છતાં પ્રવૃત્ત રહું છું સતત.

૩(૨૨)

## કર્મશીલ નેતા

ખરો નેતા સતત પ્રવૃતિમય હોય છે.

ફરજ અને કાર્યનિષ્ઠાનું મહત્વ નેતા પોતાના કાર્ય દ્વારા સમજાવે છે. નિયત કાર્યો અને પોતાને સોંપાયેલા કામો ઉપરાંતના કાર્યો પણ તે પૂરાં કરે છે અને વધુ ને વધુ યોગદાન આપવાનું ચાલુ રાખે છે. પોતાના પ્રત્યેક કાર્યને તે યજ્ઞ અને સમર્પણની ભાવનાથી ભરી દે છે.

સોંપાયેલું કાર્ય ફરજ છે. ફરજ તો દરેકે બજાવવી જ જોઈએ. બદલાતા સંજોગો અને પરિસ્થિતિમાં પણ કાર્ય કરવું તે યોગદાન છે. કર્મની ફલશ્રુતિનું મૂલ્ય આથી ઘણું વધે છે.

બીજા પોતાનું કામ સારી રીતે પૂરું કરી શકે તેમાં સહાયભૂત થવું તે પણ એક સમર્પણ અને ઈશ્વરસેવા છે.

ખરો નેતા જરૂરિયાત વરતાય તે પહેલાં જ પોતાની શક્તિ અને સૂઝ પ્રમાણે બધું જ કરતા હોય છે.

**ગુણવત્તા - શ્રેષ્ઠતા, તમારા હસ્તાક્ષર બનો,**
**પ્રત્યેક તમારાં કાર્યો, દાખલા ઉત્તમ બનો.**

૬

## નમ્ર શિક્ષક

न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसङ्गिनाम् ।
जोषयेत्सर्वकर्माणि विद्वान्युक्तः समाचरन् ।।

મૂઢ આસક્તનાં કાર્યો જ્ઞાનીઓ ના ભંગ કરે,
પોતે કર્મ યોગે કરે, તેમાં તેને યુક્ત કરે.

૩(૨૬)

## નમ્ર શિક્ષક

સુજ્ઞ અને ડાહ્યો નેતા પોતાને અંગત શું ફાયદો થશે તેનો વિચાર સુધ્ધાં કર્યા વિના અત્યંત સારી રીતે કાર્ય કરે છે. તેના દ્વારા થતું કાર્ય જ તેનો આનંદપ્રવાસ બને છે. વ્યક્તિગત ફળની કે યશની તે ખેવના  રાખતા નથી.

આ રીતે થયેલું કામ સમાજને વરદાનરૂપ છે.

જોકે ઘણા લોકો લાભ અને યશની અપેક્ષાએ કામ કરતા હોય છે. બુધ્ધિમાન નેતા તેઓને ઠપકો કે ઉપદેશ આપીને અટકાવતો નથી પરંતુ પોતાના અનુકરણીય ઉમદા કાર્ય દૃષ્ટાંતથી, ધૈર્ય અને સાહજિકતાથી શ્રેષ્ઠ યોગદાનના રસ્તા પર લાવે છે.

જે કાર્યમાં ફળની વહેંચણીનો શુભ આશય હોય છે તે કાર્ય અનાસક્તિવાળું અને મૂલ્યવાન બને છે.

ચીવટવાળો નેતા લોકોને અવશ્ય સહભાગી બનાવે છે.

સમજદાર અને નમ્ર નેતાઓની રીત સારસંભાળ અને સહભાગીપણાની હોય છે.

**અજ્ઞાનીને દોષ નહીં, જ્ઞાની અટકાવે નહીં,**
**સારસંભાળ - ધૈર્યથી, રસ્તે લાવે સાથ રહી.**

## ૭

# અરાજકતા અને નેતૃત્ત્વનો ઉદય

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ।।

જયારે ધર્મ નાશ પામે, ને અધર્મ વધે અપાર,
ત્યારે જગતમાં ભારત ! ધારણ કરું છું અવતાર.

૪(૭)

# અરાજક્તા અને નેતૃત્ત્વનો ઉદય

જ્યારે સત્યનું પતન અને અસત્યની બોલબાલા હોય છે ત્યારે અરાજક્તા સર્જાય છે.

અરાજક્તામાં વ્યવસ્થા જળવાતી નથી અને સર્વત્ર અવ્યવસ્થા અને અંધાધૂંધી ફૂલેફાલે છે.

આવા વ્યાપક અવ્યવસ્થાના કઠોર કાળમાં જવાબદાર નેતૃત્વનો ઉદય સ્વયંભૂ રીતે થાય છે.

આવા કાળમાં કોઈ જવાબદારી સોંપતું નથી પણ નેતા સામે ચાલીને વ્યવસ્થા, અધિકારો, નિયમો અને તે દ્વારા સત્યની પુનઃસ્થાપના માટે અને ખોટું છે તે બધું દૂર કરવાની જવાબદારી સ્વીકારે છે.

આ માટે ઘટતું બધું તે સ્વયં સાહજિક સૂઝ અને પોતાની વિવેકબુદ્ધિ અને સ્વયંપ્રેરણાથી કરે છે.

આમ અરાજક્તામાં નેતૃત્વ સ્વયંનિર્મિત હોય છે.

જવાબદાર નેતૃત્વનો આવિર્ભાવ થતાં બધી શુભ અને હકારાત્મક ઊર્જાઓ તેના ફરતી ગોઠવાઈ જાય છે અને ઝડપથી પૂર્ણ શક્તિ પ્રાપ્ત કરે છે.

સ્વઆરંભમાં જ અરાજક્તાના ઉકેલની ચાવી છે.

**જવાબદારી સ્વીકારે ને સત્યની સાથે રહે,**
**અરાજક્તાના કાળે, ખરું નેતૃત્વ ઉદ્‌ભવે.**

## ૮

# સત્યની સંસ્થાપના

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ।।

સંતોના રક્ષણ માટે, પાપીનું કરવા હનન,
ધર્મની સ્થાપના સારુ જન્મું છું હું પુનઃપુનઃ

૪(૮)

## સત્યની સંસ્થાપના

અનિષ્ટોને જડમૂળથી ઉખેડી નાંખવા અને સદ્પ્રવૃત્તિઓની રક્ષા કરવી તે જવાબદાર નેતૃત્ત્વનું ધ્યેય હોય છે. સત્યનું સંવર્ધન કરે તેવું સુરક્ષિત વાતાવરણ સ્થાપવું તે કર્તવ્યનિષ્ઠ નેતૃત્ત્વનો હેતુ હોય છે.

સમયાંતરે કોઈપણ વ્યવસ્થા બગડતી હોય છે અને સારી પ્રથાઓ અને રીતો દુષ્ટ પ્રવૃત્તિઓને કારણે પરિણામશૂન્ય કે નુકસાનકારક સાબિત થતી હોય છે.

વાતાવરણમાં આવા ઉકળાટના સમયે, ક્યાંકથી કોઈ હિંમતવાન નેતા, "હકારાત્મક, સક્રિય, સમયસર અને કાર્યક્ષમ" અભિગમ સાથે ઊભો થાય છે અને "હું અને હું પોતે બધાં અનિષ્ટોને દૂર કરવાની અને સદાચારની સ્થાપનાની જવાબદારી લઉં છું" તેવો પડકાર કરે છે.

આવી રીતે પ્રગટ થયેલો, કેડી કંડારનાર નેતા ખરેખર અલૌકિક હોય છે તેની આસપાસ ઊર્જા-ક્ષેત્ર ઉદ્ભવે છે અને બધું ઠીકઠાક થવા માંડે છે.

**સાચાનું સંવર્ધન ને ખોટાનો સુધાર કરે,**
**વ્યવસ્થાની સ્થાપના, જવાબદાર નેતા કરે.**

## ૯

# જ્ઞાનાગ્નિ

यस्य सर्वे समारम्भाः कामसङ्कल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः ।।

જેની બધી પ્રવૃત્તિઓ, કામ-સંકલ્પ-હીન છે,
જ્ઞાનાગ્નિમાં કર્મ બાળે જ્ઞાની કહે પંડિત છે.

૪(૧૯)

# જ્ઞાનાગ્નિ

પોતાને શું ફાયદો થશે તેવો વિચાર કામ શરૂ કરવામાં જવાબદાર નેતા કદાપિ કરતો નથી. સમગ્ર રીતે સહુનાં હિતમાં હોય તેવા ઉચિત કાર્યો અને પ્રવૃત્તિઓ તે હાથમાં લે છે અને તેમને પરિપૂર્ણ કરે છે કાર્યોથી પ્રાપ્ત થયેલ ફળની વહેંચણીમાં જ તે સિધ્ધિ સમજે છે.

તે કામના કારણે સિધ્ધિ મેળવે છે પણ સિધ્ધિ માટે કામ કરતો નથી.

સામાન્ય વ્યક્તિ પરિણામ અથવા વળતરની અપેક્ષાએ કામ સ્વીકારે છે ત્યારે તેનું ધ્યાન સાર્વત્રિક જનસામાન્યના હિતના ધ્યેયને બદલે પોતાના અંગત લાભ માટેના આંશિક હેતુ તરફ ફંટાઈ જાય છે.

જવાબદાર નેતા વિશાળ, સર્વમંગળકારી, ઉચ્ચત્તમ નિઃસ્વાર્થ અભિગમના સર્વોપરી માહત્મ્યને સમજે છે. કાર્ય પૂર્ણ કરવાનું છે તેટલું જ નહીં પરંતુ શા માટે પૂર્ણ કરવાનું છે તે પણ તે સમજે છે.

શું કરવાનું છે, શા માટે કરવાનું છે અને કેવી રીતે કરવાનું છે આ બાબતો તે સારી રીતે જાણે છે.

વ્યવસ્થાપનશાસ્ત્ર અને કાર્યરીત એટલે કે તંત્રજ્ઞાન બેઉને તે જાણે છે. જવાબદાર નેતા વ્યવસ્થાપનશાસ્ત્ર અને તંત્રજ્ઞાનને સુંદર રીતે સંયોજે છે. તેનાં તમામ કાર્યો વિચારો, જ્ઞાન અને ચિંતનના તાપમાં તવાઈને યથેચ્છ રીતે પરિપક્વ હોય છે.

ઊંડા ચિંતન અને જ્ઞાનાભિમુખ વલણથી જવાબદાર નેતા ઉમદા રસ્તો શોધી કાઢે છે.

**આગમાં તપાવતાં પોલાદ પાણીદાર બને,**
**જ્ઞાનાગ્નિમાં તાવવાથી, કાર્યો સુસમૃધ્ધ બને.**

# ૧૦

## શીખવું

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ।।

વંદીને, સેવા કરીને, પ્રશ્નો નિર્માન કરીને,
તત્ત્વદર્શી અનુભવીથી પ્રાપ્ત કરજે જ્ઞાનને

૪( ૩૪ )

# શીખવું

જવાબદાર નેતા જાણે છે કે શીખવું એ આત્મસુધારણાની પ્રક્રિયા છે. વ્યક્તિ પોતે જ જો શીખવા તત્પર ન હોય તો ગમે તેટલું કહેવામાં આવશે તેનો કોઈ અર્થ નહીં સરે. જ્યારે શીખનારને શીખવાની ઉત્કંઠા થાય ત્યારે તેણે માર્ગદર્શન આપી શકે તેવા ગુરુઓને શોધવા જોઈએ.

જ્ઞાન ઉપાર્જન અને કૌશલ્યોની ક્ષતિપૂર્તિ માટે શીખવું જરૂરી બને છે. શિક્ષકો અને નિષ્ણાતો આ અધુરપ પૂરી કરવામાં મદદ કરે છે.

જવાબદાર નેતાઓ આ ગુરુઓ પાસેથી નમ્રતાપૂર્વક, પૂરાં આદર અને ખુલ્લાં મને શીખવાની ભલામણ કરે છે.

શિષ્ય ગુરુ પાસે જ્યારે પૂર્ણ આદરભાવથી શીખવા જાય છે ત્યારે ગુરુ પણ અતિ સુંદર પ્રતિભાવ આપે છે અને પોતાની પાસે જે કાંઈ હોય તે શિષ્યને આપે છે.

પણ સાચા ગુરુ કોણ હોઈ શકે ? ખરો નેતા જાણે છે કે જ્ઞાની હોય અને અનુભવી પણ હોય તે જ સાચો ગુરુ બની શકે છે.

અનુભવ વિનાનું જ્ઞાન ખોખલા શબ્દો જેવું છીછરું હોય છે, અને જ્ઞાન વિનાનો આચાર બિનકાર્યક્ષમ હોય છે. શાસ્ત્ર-સિધ્ધાંતોનું જ્ઞાન અને અભ્યાસ-મહાવરો બંને બાબતો પૂર્ણ સમજણ કેળવવા અનિવાર્ય છે.

જેઓએ વિષયનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે તથા અનુભવની એરણ પરથી પસાર થયા છે તેઓ જ બીજાને સારી રીતે સમજાવી શકે. શિક્ષકે આપેલી માહિતી ઉપર સ્વાનુભવ લીધા વિના કોઈ આધાર રાખી ન શકે.

શીખનારે મેળવેલા જ્ઞાનને આચારમાં મૂકી સ્વાનુભવ દ્વારા શીખવાની પૂરી પ્રક્રિયામાંથી પસાર થવું જોઈએ.

જવાબદાર નેતા પોતાના ક્ષેત્રમાં જ્ઞાની અને અનુભવી બંને હોય છે, તે સતત નવું જાણવા અને અમલમાં મૂકવા તૈયાર હોય છે અને સદા નવું નવું શીખતો રહે છે.

**શાસ્ત્રજ્ઞાન શબ્દ આપે, અનુભવ આપે અર્થ,**
**જ્ઞાન કેરો મહાવરો, શીખવાનો છે તે અર્ક.**

**૧૧**

## શ્રધ્ધાસભર ગુરુ

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ।।

શ્રધ્ધાવાન જિતેન્દ્રિય તત્પર જ્ઞાન પામશે,
મેળવી જ્ઞાનને શીઘ્ર, પરમ શાંતિ પામશે

૪(૩૯)

# શ્રધ્ધાસભર ગુરુ

જવાબદાર નેતા સમર્પિત અને શ્રધ્ધાવાન ગુરુ છે. તે નિષ્ઠાવાન હોવાથી પરિસ્થિતિ વિશે સ્પષ્ટ સમજ ધરાવતો હોય છે અને તે અંગેના ઉપાયો માટે સજ્જ હોય છે.

સ્પષ્ટ સમજથી સાચાં પગલાં લઈ શકાય છે અને સ્પષ્ટ સમજના અભાવમાં દ્વિધા પેદા થાય છે અને ગુંચવાડામાં લીધેલાં પગલાં બિન કારગર અને બિનકાર્યક્ષમ નીચવડે છે.

સમજપૂર્વક કરેલાં કામો અસરકારક અને કાર્યક્ષમ હોય છે, દ્વિધા મનને અશાંત કરે છે. સ્પષ્ટતા મનને શાંતિ બક્ષે છે અને મન શાંત હોય ત્યારે સમજ વધુ સ્પષ્ટ થાય છે.

મનની શાંતિ અને તે થકી સ્પષ્ટ સમજ એ જવાબદાર નેતાના આત્મસંયમ અને શ્રધ્ધાની ફ્લશ્રુતિ છે.

જદાબદાર નેતા પોતાની ઈન્દ્રિયોના ગુલામ નથી હોતા પણ માલિક હોય છે, પોતાની ઈન્દ્રિયજન્ય સંવેદનાઓનું તે પૃથ્થકરણ કરે છે તેમજ સામાન્ય બુધ્ધિ અને વિચક્ષણ બુધ્ધિથી પૂર્ણ સમજ પ્રાપ્ત કરે છે.

સચોટ કાર્યકારણ સમજવામાં તે તર્કનો ઉપયોગ કરે છે અને આત્મસ્ફૂરણાથી તર્કની પાર પણ જોઈ શકે છે.

આમ જવાબદાર નેતા શ્રધ્ધા, જ્ઞાન, સુજ્ઞ વિચારો, સમજદારી અને લાગણીઓની સ્પષ્ટતા થકી શાંતિ અને સુમેળમય વિકાસયાત્રા કરાવે છે.

**સમર્પિત શ્રધ્ધાવાન સંનિષ્ઠ નેતા હોય જયાં,**
**પ્રગતિ અને સુમેળ, સંનિષ્ઠ સંઘ હોય ત્યાં.**

## ૧૨

# નિઃશંક નિશ્ચય

तस्मादज्ञानसंभूतं हृत्स्थं ज्ञानासिनात्मनः ।
छित्त्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत ।।

અજ્ઞાને ઉત્પન્ન સંશય, જ્ઞાન ખડ્ગે હણીને,
ઊભો થા હે ભારત ! યોગે સ્થિર તું રહીને.

૪(૪૨)

# નિ:શંક નિશ્ચય

દ્વિધામાં પડેલા સાધકને જવાબદાર નેતા સ્પષ્ટતાનો માર્ગ દર્શાવે છે અને તેનામાં શક્તિનો સંચાર કરે છે.

સંશયોનું નિવારણ એ સ્પષ્ટતા સુધી પહોંચવાનો રસ્તો છે. સંશયને કારણે નિષ્ક્રિયતા અને આળસ જન્મે છે. સંશયયુક્ત સ્વભાવ મનને કુંઠિત કરી નાંખે છે. શંકાઓ મનમાં દ્વંદ્વ ઊભા કરે છે અને વ્યક્તિ "કરવું" ને "ન કરવું"ની વચ્ચે લટકતો રહે છે. શંકાઓથી સમય અને શક્તિનો અતિ વ્યય થાય છે.

શંકાઓને જ્ઞાન અને સમજણરૂપી ધારદાર તલવારથી તેના મૂળમાંથી કાપી નાંખવી જોઈએ.

જવાબદાર નેતા સંશયયુક્ત સાધકને અભ્યાસ કરવામાં, જ્ઞાન અને ધ્યેય સિધ્ધ કરવામાં મદદ કરે છે અને તેના સંશયો દૂર કરવામાં સહાયરૂપ થાય છે. પછી તે સાધકને જ્ઞાન, માહિતી અને સ્પષ્ટતાથી થયેલી સમજ પર દૃઢતાથી ઊભા રહેવા પ્રેરણા આપે છે.

શંકાઓ દૂર થતાં સમૂહના સાથીઓ નિરભ્ર આકાશમાં સૂર્યની જેમ ચમકી ઊઠે છે.

**અસંશયી સાથીદાર, સ્વસ્થ અને સ્પષ્ટ રહે,**
**અણીશુધ્ધ, નિ:શંક તે યોગદાતા ખરો ઠરે.**

# ૧૩

## સંપૂર્ણ એકાગ્રતા

तद्‌बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः ।
गच्छन्त्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ।।

એકરૂપ બુધ્ધિ-મન, "તે"માં સ્થિર તન્મય થઈ,
પરંગતિ તે પામે છે, જ્ઞાને પાપ રહિત થઈ.

૫(૧૭)

## સંપૂર્ણ એકાગ્રતા

સંપૂર્ણ એકાગ્રતા અને નિષ્ઠા બાબતે જવાબદાર નેતા સજાગ હોય છે અને આ અચૂક અને સચોટ ગુણોની ખુબીઓ પોતાના સાથીદારોને સમજાવે છે.

જ્યારે કોઈ સાધક વિચારે છે, લક્ષ્ય લ્યે છે અને પોતાની બધી શક્તિઓને લક્ષ્યની દિશામાં વાળે છે અને ધ્યેયને એટલી ઉત્કંઠા અને ઉત્કૃષ્ટતાથી વરે છે કે સાધક પોતે સ્વયં ઉત્કૃષ્ટ બની જાય છે.

સંપૂર્ણ એકાગ્રતા અને સમર્પણને લીધે સાધક પ્રયત્નોના વમળોમાં અટવાયા વગર, નિશ્ચિત લક્ષ્ય તરફ ભૂલો કર્યા વિના સીધો જ પહોંચે છે.

સંપૂર્ણ સમર્પણથી પ્રયત્નોની હારમાળા અને અસ્વીકાર્ય નિમ્ન કક્ષાના કામના પુનરાવર્તનોને પૂરેપૂરાં ટાળી શકાય છે અને મહત્તમ કાર્યક્ષમતા અને શ્રેષ્ઠ પધ્ધતિએ ધ્યેય પ્રાપ્તિ થાય છે.

સંપૂર્ણ એકાગ્રતામાં જ્યારે જ્ઞાન ભળે છે ત્યારે ઉત્કૃષ્ટતા અને પરિપૂર્ણતા, અસરકારક રીતે અને સત્વરે સિધ્ધ થાય છે.

સમર્પિત અને જ્ઞાનપૂર્ણ કાર્ય પરમ સાફલ્યનો ધોરી માર્ગ છે.

**ધ્યેય સ્પષ્ટ હોય અને એકાગ્રતા જ્ઞાનપૂર્ણ,**
**સોનામાં સુગંધ જેમ, શ્રેષ્ઠ આવે પરિપૂર્ણ.**

**૧૪**

## સર્વોત્તમ મિત્ર

उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ।।

પોતાનો ઉધ્ધાર કે પોતાનું કરવું પતન,
પોતે પોતાનો શત્રુ કે બની રહે છે સ્વજન.

૬(૫)

# સર્વોત્તમ મિત્ર

ખરો નેતા જાણે છે કે પોતાનો કોઈ ઉત્તમ મિત્ર, માર્ગદર્શક અને સહાયક હોય તો તે બીજું કોઈ નહીં પરંતુ તે પોતે જ છે.

આત્મવિશ્વાસ સાથેની આત્મનિર્ભરતા તે સફળતાનો માર્ગ છે. સ્વયં પ્રયત્ન કરે તો જ માણસ સુધરી શકે છે. વ્યક્તિએ પોતે જ પોતાનો વિકાસ કરવાનો હોય છે. અન્ય લોકો તો ફક્ત તેમાં મદદરૂપ થઈ શકે.

આત્મસુધારણા માટે લોકો પ્રયત્નશીલ હોતા નથી અને તેથી જ તેમનો વિકાસ રુંધાય છે.

તેથી જ જવાબદાર નેતા પોતાની જાતે જ પોતે સતત સુધરે છે અને પ્રગતિ કરે છે એટલું જ નહીં, આત્મવિકાસ માટે પોતાના સાથીઓને પણ પ્રોત્સાહિત કરે છે. જેને પરિણામે તે સાચો સહાયક અને અસરકારક સંયોજક બને છે.

ખરેખર વ્યક્તિ પોતે જ પોતાનો સારામાં સારો મિત્ર કે ખરાબમાં ખરાબ શત્રુ બનતો હોય છે. તેનો આધાર તે પોતાના મનનો ગુલામ છે કે પોતાના મનનો માલિક છે તેના ઉપર છે.

મન સર્જનશીલ પણ અતિ ચંચળ છે, સંયમિત અને સ્થિર મન ઉત્તમ મિત્ર બને છે જયારે અસંયમિત અને ભટકતું મન કનિષ્ટ દુશ્મન. જવાબદાર નેતા પોતાની બુધ્ધિમતાથી પોતાના મનને સંયમમાં રાખે છે. આથી તેની સર્જનશીલતા નક્કર હોય છે અને તેના મૌલિક આવિષ્કારો નાવિન્યપૂર્ણ અને વ્યવહારુ હોય છે.

જવાબદાર નેતા એવું વાતાવરણ સર્જે છે, જ્યાં વિચારો અને ઊર્મિઓ વચ્ચે સામંજસ્ય હોય છે અને સાથીઓ શાંતચિત્તે યોગદાન આપી શકે છે.

આ સંવાદિતા તે બધા સભ્યોની સંભાળ અને પ્રેમ દ્વારા સ્થાપે છે.

ખરો નેતા વિશ્વાસુ મિત્ર છે.

**મન કારણ બંધનનું, મન જ આપે મોક્ષ,**
**મનમાં મન પરોવતા, ખુદના ખરા દોસ્ત.**

# ૧૫

## સમદર્શી નેતૃત્વ

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ।।

યોગમાં જે યુક્ત આત્મા, સમદૃષ્ટિ, ઐક્ય જુવે,
સહુ પ્રાણીમાં સ્વયંને, સ્વયંમાં પ્રાણીઓ જુવે.

૬(૨૯)

# સમદર્શી નેતૃત્ત્વ

જવાબદાર નેતા જબરદસ્ત સમાનતા જાળવે છે. પોતાનાં બધાં જ લોકોનું સમાન રીતે ધ્યાન રાખે છે અને સમાન રીતે સંભાળ લ્યે છે. પોતાની જાતની જેવી સંભાળ તે લ્યે તેવી જ સંભાળ સમૂહના લોકોની લ્યે છે. પ્રત્યેક સભ્યને એક સરખી જ સુવિધા અને સગવડો મળે તે બાબતે તે ચોક્કસ રહે છે.

સમાનતાનો ગુણ જવાબદાર નેતામાં પૂર્ણપણે વિકસેલો હોય છે કારણકે પોતાની જાતને તે બીજા બધામાં અને બીજા બધાને પોતાની જાતમાં જૂવે છે.

આ જ સમદૃષ્ટિ છે. આમાં નેતા લોકોની બધી મુશ્કેલીઓ અને યશમાં સ્વયં સાથે રહી તેમના જેવી જ અનુભૂતિમાંથી પસાર થાય છે અને ખરો ભાગીદાર બને છે.

જવાબદાર નેતા પોતાની જાત સાથે સંવાદિતામાં રહે છે અને સમૂહમાં સંવાદિતા જળવાઈ રહે તેની ખાત્રી કરે છે.

**જ્યાં સમાનતા રહે ત્યાં ઈશ્વરીય ગુણવત્તા,**
**આત્મઐક્ય જાળવો ને જાળવો સંઘએકતા.**

## ૧૬

# ધૈર્યદત્ત નેતૃત્વ

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
न हि कल्याणकृत्कश्चित्दुर्गतिं तात गच्छति ।।

આ લોક કે પરલોકમાં, તેનો નાશ થતો નથી,
શુભ કર્મ કરનારો પાર્થ ! દુર્ગતિ થતો નથી.

૬(૪૦)

# ધૈર્યદત્ત નેતૃત્વ

જ્યારે સમૂહનો કોઈ સભ્ય અધવચ્ચે નિષ્ફળતાની સંભાવના જાણી ભાંગી પડે છે ત્યારે જવાબદાર નેતા આવા સભ્યને હિંમત અને ધૈર્ય પ્રદાન કરે છે.

નિષ્ફળતાનો વિચાર માત્ર તથ્યહીન ભય પેદા કરે છે.

આવા સમયે જવાબદાર નેતા સમજાવે છે કે સાધ્ય અને સાધનો શુધ્ધ હોય અને હાથમાં લીધેલું કાર્ય સમાજના બહોળા હિતમાં હોય ત્યારે અસફળ થઈએ તો પણ કાંઈ ખોટું નથી. સફળતા કે નિષ્ફળતા એ મહત્વનું નથી પરંતુ આપણું ધ્યેય, આપણા પ્રયત્નો અને પધ્ધતિઓ સર્વજન સુખાય સર્વજન હિતાય હોય તે મહત્વનું છે. પછી નિષ્ફળતા મળે તો પણ લોકો સમૂહના પ્રયાસને પૂરી સમજદારીપૂર્વકનું ગણશે કારણકે તેનો શુભ હેતુ પ્રયત્ન કરવા જેવો તો હતો જ.

વળી સફળતા એ એક ઘા અને બે કટકા જેવી વાત નથી. સફળતા એ તો પ્રત્યેક નિષ્ફળતા બાદ કરેલા સતત સુધારાનું પરિણામ છે.

કૃતનિશ્ચયી સમૂહ ત્રુટીઓ સુધારે છે અને સંનિષ્ઠ પ્રયાસો અને પ્રમાણિક સાધનો દ્વારા ઉચ્ચત્તમ ધ્યેય સાધ્ય કરવા વધુ સારું કામ કરે છે.

જ્યારે નિષ્ફળતાનો કે અપયશનો ભય દૂર થાય છે ત્યારે સમૂહ પરિણામોની પરવા કર્યા વિના જોમ અને જુસ્સાથી કાર્યરત થાય છે.

જવાબદાર નેતાને મન પરિણામો કરતાં પ્રયાસ-પ્રક્રિયાનું મહત્વ વધુ છે કારણકે એ જાણે છે કે છેવટે તો ઉચ્ચ પ્રક્રિયા જ સુયશ આપે છે.

**સારાં કામોમાં હશે વિફળતા સાર્થક થશે,**
**ખોટાં કામો દ્વારા આવે સફળતા એ વ્યર્થ છે.**

## ૧૭

# મુલ્યવર્ધક નેતૃત્ત્વ

मत्तः परतरं नान्यत्किञ्चिदस्ति धनञ्जय ।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ।।

મારાથી કાંઈ મોટું નહીં, કાંઈ નહીં ઊંચું તેમ,
મુજમાં સઘળું પરોવાયું, દોરામાં મણકાની જેમ.

૭(૭)

# મુલ્યવર્ધક નેતૃત્ત્વ

જવાબદાર નેતા જાણે છે અને સ્વીકારે છે કે જવાબદારી કે અપયશ બીજા પર પસાર કરી શકાય તેવું પોતાની ઉપર કોઈ નથી. જ્યાંથી તમામ ઉકેલો મળે, નિર્ણયો લઈ શકાય અને કાર્યનો આરંભ થઈ શકે તેવા આખરી બિંદુ થવામાં તેને જરા પણ હિચકિચાટ થતો નથી. જવાબદારીના સમયે તે કદી "પેલો" એમ નહીં પણ "હું" જ તેમ સ્પષ્ટપણે કહે છે. આવા તેના અભિગમને કારણે લોકો તેના પર ભરોસો કરે છે અને તેના આવા જબરદસ્ત આધારે તેઓ સાહસ અને આરંભ કરવા તૈયાર રહે છે.

વળી આ જવાબદાર નેતા સમૂહની વ્યક્તિઓને જોડતી એક તાકાત બને છે અને સભ્યોને ખૂબ જ મૂલ્યવાન એકજૂથ રાખે છે.

આ રીતે જોડાયેલા જૂથમાં શક્તિનો ગુણાકાર થતાં, જૂથનું કુલ બળ વ્યક્તિગત સભ્યોના બળના સાદા સરવાળા કરતાં ક્યાંય વધારે હોય છે.

જવાબદાર નેતાની ઉપસ્થિતિમાં આ સંયુક્ત જવાબદારીની ભાવના જ વ્યક્તિગત પ્રયાસોને સંયુક્ત સાહસમાં બાંધી રાખે છે.

આમ સંયુક્ત જવાબદારીની ભાવનાથી જોડાયેલા, વ્યક્તિ તરીકે તેજસ્વી સભ્યો, સમૂહ તરીકે અધિક મૂલ્યવાન અને ઉચ્ચ કક્ષાના યોગદાતા તરીકે ઝળહળી ઊઠે છે.

**નેતૃત્ત્વ જોડે છે સૌને, શક્તિ થાયે અતિ ઘણી,**
**નેતાના તે સંગઠનમાં, સંઘભાવના દૃઢ થઈ.**

## ૧૮

# અધ્યક્ષ દૃષ્ટિ

मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।
हेतुनानेन कौन्तेय जगद्विपरिवर्तते ।।

પ્રકૃતિ સર્જે સચરાચર, મારા અધ્યક્ષપણામાં,
તેથી સૌ ઘટમાળ આ, કૌંતેય થાયે વિશ્વમાં.

૯(૧૦)

# અધ્યક્ષ દૃષ્ટિ

જવાબદાર નેતાની ઉપસ્થિતિ માત્રથી કામકાજ ચાલતાં હોય છે અને પરિણામો આવતાં હોય છે.

નેતાની સમગ્ર અને વ્યાપક દૃષ્ટિ અને નિરીક્ષણ થી સમૂહના બધાં સભ્યોમાં સતર્કતા, સજગતા અને સંચેતના પેદા થાય છે અને તેઓ ઉત્કૃષ્ટ કામગીરી કરે છે.

જવાબદાર નેતા જુએ છે, નિરીક્ષણ કરે છે, તાગ મેળવે છે, સમજી લ્યે છે અને અલગ અલગ પરિસ્થિતિઓમાં બધી જ શક્યતાઓ, સંભાવનાઓ અને ઉચિતપણું પારખે છે અને શું થયું છે, શું થઈ રહયું છે અને શું થવાનું છે તેને ભેગું કરીને મૂલવે છે અને શ્રેષ્ઠતમ શું થવું જોઈએ તેનું દૃષ્ટ ઉપજાવે છે. આ દૃષ્ટિને જવાબદાર નેતાની અધ્યક્ષ દૃષ્ટિ કહેવાય.

જવાબદાર નેતા જ્યારે સાર્વત્રિક હિત માટેનું પોતાનું આ દર્શન સમજાવે છે ત્યારે લોકો પ્રેરણા પામે છે અને બધું યથોચિત થવા લાગે છે.

બે પ્રકારે બનાવો બનતા હોય છે. કેટલાક પરિવર્તનો સંક્રામી-અલ્પકાલિક હોય છે તો કેટલાક કાયમી સ્વરૂપનાં હોય છે.

જવાબદાર નેતા સંક્રામી-અલ્પકાલિક પરિવર્તનોને પિછાણે છે અને આવી અસ્થાયી પરિસ્થિતિનો મહત્તમ ઉપયોગ કરી લેવા માટે પોતાના સમૂહને તૈયાર કરે છે.

કાયમી પરિવર્તનોના સમયે જવાબદાર નેતા પોતાનો સમૂહ અનુકૂળ થઈ શકે, સ્વીકારી શકે, સમાવેશ કરી શકે, ગોઠવણ કરી શકે અને બદલાયેલી પરિસ્થિતિમાં ધ્યેય પાર પાડી શકે તેવા પ્રકારનાં વાતાવરણનું સર્જન કરે છે.

જવાબદાર નેતાની હાજરી એટલે સંપૂર્ણ સમજ અને એકંદર ઉત્તરદાયિત્વ.

**ખરા નેતામાં નિરીક્ષણની વિચક્ષણતા હોય છે,**
**દૃશ્ય અદૃશ્ય જોવાની અધિ-અક્ષ દૃષ્ટિ હોય છે.**

## ૧૯

# ભૂમિકા

गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ।
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् ।।

ધ્યેય, ભર્તા, પ્રભુ, સાક્ષી, આશ્રય, શરણ, સખા હું,
પ્રભવ, સ્થાન, નિધાન, પ્રલય, અક્ષય બીજ હું.

૯(૧૮)

# ભૂમિકા

જવાબદાર નેતા બહુમુખિ વ્યક્તિત્વ ધરાવનાર હોય છે અને તે પરિસ્થિતિની આવશ્યકતા પ્રમાણે અનેક ભૂમિકા ભજવે છે.

કોઈવાર તે માર્ગદર્શકની ભૂમિકા ભજવે છે તો કોઈવાર તે બધાં કામકાજનું અંતિમ બિંદુ હોય છે જ્યાં તમામ કાર્યો મળે છે.

ક્યારેક તે સર્વસ્વ હોય છે તો ક્યારેક માત્ર નિરીક્ષક સાક્ષી હોય છે. ક્યારેક તે આશ્રય સ્થાન અને ક્યારેક અંતિમ નિર્ણય સ્થાન. તે શુભેચ્છક હોય છે તે મિત્ર છે.

અગત્યની યોજનાઓ અને કાર્યક્રમોમાં તે આરંભના અને પૂર્ણાહૂતિના તબક્કે હાજર હોય છે.

જવાબદાર નેતા ઉપાયો અને વિશ્વાસપાત્ર સંશાધનોનો ખજાનો છે.

જવાબદાર નેતા આદર્શ જૂથરૂપી વૃક્ષનું બીજ છે. જે સારા સંબંધની નવપલ્લવિત પર્ણમંજરીઓ, સુંદર કલ્પનાના પુષ્પો, સત્કાર્યોના રસવાળા ફળોથી ભરપુર હોય છે. તેના સત્કાર્યોના ફળો ભવિષ્યના નેતૃત્વના બીજથી ભરપૂર હોય છે.

જવાબદાર નેતા યોગ્ય સમયે યથોચિત ભૂમિકા ભજવતો હોય છે.

**સ્પષ્ટ સોંપાયેલ કામગીરી, કાર્યભાર કહેવાય છે,**
**સમયોચિત આવશ્યક પાઠ, ભૂમિકા કહેવાય છે.**

## ૨૦

# કલ્યાણ

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ।।

અનન્ય ચિંતન વડે, જે ભજે મને સપ્રેમ,
નિત્યયુક્ત તે ભક્તનાં, હું વહું છું યોગક્ષેમ.

૯(૨૨)

## કલ્યાણ

જવાબદાર નેતા પોતાના સાથીદારોમાંના નિષ્ઠાવાન, એકચિત્ત સ્થિર બુધ્ધિવાળા અને ધ્યેયને સુસંગત વિચારો ધરાવનારાને જાણે છે.

તેઓને તે જાણે છે એટલું જ નહીં પરંતુ સાભાર તેમની કદર પણ કરે છે.

અને નેતા તેમનાં સ્વાસ્થ્ય, કલ્યાણ, સંપતિ વિકાસ વૃધ્ધિ, પ્રગતિ અને સમૃધ્ધિ માટેની પૂરેપૂરી જવાબદારી પોતાના શિરે લ્યે છે.

સમર્પિત સાહસિકોને સર્વ પ્રકારની સિધ્ધિ મળે તેની તે ખાત્રી આપે છે.

તેમના ભૌતિક, માનસિક અને બૌધિક સ્તરનાં પરિપૂર્ણ વિકાસ માટે તે પોષક વાતાવરણ નિર્માણ કરે છે. અને તેમનું જીવન સુખશાંતિ અને દિવ્યતાના અનુભવવાળું બને તે માટે તે સહાયરૂપ થાય છે.

એકબીજાને સહાય અને અસરકારક પરસ્પરાવલંબન તે જવાબદાર નેતા તથા તેના જવાબદાર સમૂહની લાક્ષણિકતા હોય છે.

**સહયોગ કાળજી સહભાગ ને સારસંભાળ,**
**અરસપરસના આ વ્યવહારે સર્વેનો ઉધ્ધાર.**

## ૨૧

## પ્રયત્નસભર અર્પણ

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ।।

પત્ર, પુષ્પ, ફળ, જળ, સમર્પે ભક્તિભાવથી,
પવિત્ર ભક્તનું અર્પેલું, સ્વીકારું છું પ્રેમથી.

૯(૨૬)

# પ્રયત્નસભર અર્પણ

જવાબદાર નેતા તેના સાથીઓ કેટલું વધારે કામ કરે છે તેના કરતાં તેઓ કેવી નિષ્ઠાથી કામ કરે છે તેને મહત્વનું ગણે છે.

કામ સફળતાપૂર્વક પૂરું કરવા માટે કાર્યકૌશલ્ય અને કાર્યનિષ્ઠા બન્ને જરૂરી છે.

નિષ્ઠા વિનાનું કૌશલ્ય સમર્પણ નથી પરંતુ નિષ્ઠા હોય તો ગમે તે કૌશલ્ય કેળવી શકાય છે.

નિષ્ઠા વિનાની કૌશલ્ય એટલે કૌશલ્યનો વેપાર.

જ્યારે કૌશલ્યો વગરની નિષ્ઠા એટલે બિનકારગત સંકલ્પો.

નિષ્ઠા અને સંકલ્પ વિનાનાં કાર્યો એટલે હલકા પ્રકારનું કાર્ય. કૌશલ્યો અને શ્રધ્ધાપૂર્વક થયેલાં કાર્યો ઉત્કૃષ્ટ અને નમુનાદાર હોય છે. આવાં કામ સેવા છે. તેથી પ્રત્યેક કામ, નાનું કે મોટું, શારીરિક શ્રમનું કામ ને વ્યવસ્થાપનનું કામ, સંશોધનનું કે મહાન પરિયોજનાનું કામ, માલ વિતરણનું કે નાણા ફાળવણીનું કામ, વગેરે જ્યારે એકચિત્તે, અને પૂરી નિષ્ઠાથી કરેલું હોય ત્યારે તેના ફળને જવાબદાર નેતા સપ્રેમ અને સાભાર સ્વીકાર કરે છે.

સાથીદાર નિષ્ઠાવાન હોય અને ત્યારે તેણે પ્રેમપૂર્વક કરેલા કામનું ગમે તે પરિણામ હોય જવાબદાર નેતા તે હંમેશા પ્રેમ, શ્રધ્ધા અને પૂરા સંતોષથી સ્વીકારવા તૈયાર હોય છે. તે પરિણામને નહીં પણ હેતુ-ભાવનાને મહત્વ આપે છે.

**ભક્તિભાવથી કરેલું કામ પૂજા થઈ જશે,**
**ભક્તિતત્ત્વ ઉમેરાંતા, મૂર્તિમાં ઈશ્વર વસે.**

## ૨૨

# દિવ્ય દૃષ્ટિ

पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः ।
नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च ।।

પાર્થ ! મારાં રૂપ જો, શત સહસ્ત્ર અપાર જો,
અનેક આકાર વર્ણો, ને અનેક પ્રકાર જો.

૧૧(૫)

# દિવ્ય દૃષ્ટિ

જવાબદાર નેતા તેના સાથીઓને સહસ્ત્ર દૃષ્ટિથી પ્રેરણા આપે છે. તેના પોતામાં સમગ્ર દર્શન હોય છે તેવી જ દૃષ્ટિ સાથીઓમાં પણ વિકાસ પામે તે માટે તે મદદ કરે છે.

દૃષ્ટિથી પ્રેરણા મળે છે. દૃષ્ટિથી જીવન ધ્યેય નિશ્ચિત થાય છે. અને જીવન ધ્યેયને સાકાર કરવા માટે સમૂહે તે મુજબના કાર્યો હાથ ધરવાનાં હોય છે.

દિવ્ય દૃષ્ટિ એટલે અનેકવિધ દૃષ્યોનું સંયોજન અંતર્ચક્ષુથી એકત્રિત જોઈ શકવું. દિવ્ય દૃષ્ટિ સામાન્ય ઈન્દ્રિયોથી પરની હોય છે અને તેથી તેને માટે ઈન્દ્રિયાતિત અલૌકિક તત્વ આવશ્યક છે.

ચર્ચા, સંવાદ, વિકલ્પોની વિચારણા અને નિર્ણયોનો ફક્ત તાર્કિક મર્યાદામાં ન રાખીને જવાબદાર નેતા સભ્યોને વિવિધ રીતે અને તર્કની પાર જઈને પણ વિચાર કરી અલગ અલગ પ્રકાર અને આકારના દૃશ્યો જોવા માટે પ્રેરણા આપ્યા કરે છે.

જવાબદાર નેતાની હાજરી માત્ર વાતાવરણ સર્જનાત્મકતા, નાવિન્ય અને ચેતનાથી ભરાઈ જાય છે.

નેતા અને સમૂહ દર્શન અને જીવન કાર્યની જેમ યોગ્ય કાર્ય દ્વારા સુંદર ફ્લશ્રુતિની ખાતરી કરવા યોગ્ય રીતે એકમેકમાં સમાય છે.

**અશક્ય ભાસતું જગે, તે દૃષ્ટા જોઈ શકે છે,**
**ધ્યેયનિષ્ઠ તે દૃશ્યને, આકાર આપી શકે છે.**

## ૨૩

# ભક્તિ-પ્રેમ

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ।।

આ ધર્મ અમૃતનું શ્રધ્ધાથી પાલન જે કરે,
મારો પરાયણ ભક્ત તે અતિશય પ્રિય છે મને.

૧૨(૨૦)

# ભક્તિ-પ્રેમ

જવાબદાર નેતા તેનો પ્રેમ સાથીદારોને સ્પષ્ટ અને અસંદિગ્ધ રીતે વ્યક્ત કરે છે.

જ્યારે સાથીદારો સાચા માર્ગને ભક્તિપૂર્વક અપનાવે છે ત્યારે તે તેમની કદર જ નહીં પરંતુ આભાર પણ વ્યક્ત કરે છે.

નેતા અને સમૂહને જોડતી પ્રેમની કડી અતૂટ કડી હોય છે. સાથીદારોને પ્રેમ, ખાત્રી અને પ્રેરણા આપે છે.

શ્રધ્ધાળુ યોગદાતા જવાબદાર નેતાનો અતિપ્રિય મિત્ર છે.

**પ્રેમ પવિત્ર પ્રગટ, થાયે સમર્પણ થકી,**
**તેમજ સાચા પ્રેમથી, સમર્પણ થાયે પ્રગટ.**

## ૨૪

# હૃદયસભર નેતૃત્વ

ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते ।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य विष्ठितम् ।।

જ્યોતિઓનું મહાજ્યોતિ, અંધકારની પર રહે,
જ્ઞાન, જ્ઞેય, જ્ઞાનગમ્ય, સૌના હૃદયે વસી રહે.

૧૩(૧૭)

# હૃદયસભર નેતૃત્ત્વ

જવાબદાર નેતા સભ્યોના મન, વિચાર, પધ્ધતિ અને વૈચારિક કક્ષામાં તો એકતા લાવે જ છે તેટલું જ નહીં પરંતુ પ્રાણીમાત્રના અસ્તિત્વના પાયાનાં, આત્માની કક્ષા પર તેમનાં હૃદય એક કરે છે. ટૂંકમાં તે સર્વના હૃદય જોડે છે.

જ્યારે લોકો એકબીજાનો હૃદયપૂર્વક સ્વીકાર કરે ત્યારે સમૂહમાં પૂરી સુસંગતતા આવે છે. હૃદયો જોડાયેલા હોય ત્યારે સંસ્થામાં સર્વત્ર પરસ્વાનુભૂતિ, મિત્રતા અને પ્રેમની ભાવના વ્યાપે છે.

હૃદયથી જોડાયેલા સભ્યો અને હૃદયપૂર્વકનું કામ હૃદયોને સુખ આપનાર અનુભવ કરાવે છે. લોકોના હૃદયમાં જાગેલો પરસ્પર પ્રેમ એટલે જ આંતરપ્રકાશ. આ જ જ્ઞાન છે અને આ જ જાણવાની જરૂર છે. હૃદયપૂર્વકનો પ્રેમ લોકોને સમાન અને સહભાગી બનાવે છે અને સમાનતા એ જ્ઞાનનું ધ્યેય છે.

આમ જવાબદાર નેતા અને તેનો સમૂહ એક બને છે અને હાથ-પગ, મસ્તક અને હૈયાં જોડીને યોગદાન કરે છે. ઐક્ય અને સુખ તે આવા સમૂહનો ખજાનો છે.

**હાથ પગ શિર હૃદય જ્યાં લોકોના એક બને,**
**સુખી સંવાદી સમાજ, માનવતા દિવ્ય બને.**

## ૨૫

# અધિકાર સ્વાતંત્ર્ય

इति ते ज्ञानमाख्यातं गुह्याद्‌गुह्यतरं मया ।
विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु ।।

ગુહયથી પણ અતિ ગુહય, જ્ઞાન આ મેં કહયું તને,
વિચાર પૂરો કરી કર, ઉચિત લાગે જે તને.

૧૮(૬૩)

# અધિકાર સ્વાતંત્ર્ય

જવાબદાર નેતા તેના સભ્યોને પસંદગીની સ્વતંત્રતા આપે છે. જોકે જે કાંઈ કરવાનું છે તેની પૂરી માહિતી અને જ્ઞાન આપે છે. શું કરવાનું છે અને કેવી રીતે કરાય તેમાં વિચારો દર્શાવે છે પણ અંતે તો કેવી રીતે અમલ કરવાનો છે તે કામ કરનાર પર છોડે છે.

તે લોકોને પોતાની જ વિચારસરણી મુજબ વિવિધ વિકલ્પોમાંથી શ્રેષ્ઠ પસંદગી કરવાનું કહે છે.

આમ સાચો નેતા સમૂહ પર નિર્ણયો ઠોકી બેસાડતો નથી. પરંતુ પરિસ્થિતિને અનેક બાજુએથી રજૂ કરી કાર્ય કરવાની પસંદગી તેમના પર છોડે છે.

અધિકારપ્રદાન એટલે 'શું' કરવું સંબંધે પસંદગીની સ્વતંત્રતા.

અધિકારનિયુક્તિ એટલે સોંપેલા કામને કેમ પૂર્ણ કરવું તે નિર્ણય લેવાના અધિકારની સોંપણી.

અધિકારપ્રદાનમાં કામની પસંદગી કરવાની સ્વતંત્રતા અને કામ કેમ કરવું તેનો નિર્ણય લેવાનો અધિકાર બન્ને આવી જાય છે.

જવાબદાર નેતા સ્વાતંત્ર્યને બહાલી આપે છે.

અધિકારપ્રાપ્ત સમૂહ આથી યોગ્ય કામ અને યોગ્ય કાર્ય પદ્ધતિ નક્કી કરી પોતે જ જવાબદાર નેતા બને છે. ત્યાર બાદ નેતા અને તેના સમૂહ વચ્ચે કોઈ જ ફરક રહેતો નથી.

**સમર્પિત સભ્યોને અધિકારદાન થાય જો,**
**વિશ્વાસુ સહુ તે, જવાબદાર નેતા થાય તો.**

२६

## અંતિમ સ્થાન

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।।

સર્વ ધર્મો છોડીને, મારું જ શરણ લે અહીં,
સૌ પાપોથી છોડાવીશ, ચિંતા કરજે તું નહીં.

૧૮(૬૬)

## અંતિમ સ્થાન

જવાબદાર નેતા તેના સાથીદારોને એવો વિશ્વાસ આપે છે કે જ્યારે તમામ ઉપાયો નિષ્ફળ જાય તેવા સમયમાં સમૂહના નેતા તરીકે એ ફક્ત સમૂહમાં જોડાશે તેટલું નહીં પરંતુ પ્રશ્નોના નિરાકરણ પણ શોધી આપશે.

આમ જવાબદાર નેતા સમૂહના સભ્યોને પ્રેમ, અધિકાર અને વિશ્વાસ આપ્યા પછી પણ અંતિમ ઉત્તરદાયિત્વ પોતાના પર જ લ્યે છે. તે પોતાની જવાબદારીમાંથી છટકતો નથી અને સૌને જરૂર પડે ત્યાં પીઠબળ આપવા તૈયાર રહે છે.

આવી ખાત્રી સૌ સભ્યોમાં શક્તિ પ્રેરે છે અને સહુ લક્ષ્ય પ્રાપ્ત કરવા આપમેળે કામે લાગે છે. પ્રશ્નોના નિરાકરણો કરે છે અને ઉપાયો શોધી કાઢે છે. કારણકે તેમને ખબર છે કે બધા પ્રયત્નો અને પ્રયાસો, કાર્યો અને "બીજા બધા ઉપાયો" વિફળ થશે તો સમૂહના સભ્યો નેતા પાસે જઈ શકશે.

નેતાએ આપેલી આ ખાત્રી સમૂહને એક સંરક્ષક કવચ પૂરું પાડે છે. તેમનામાં સતત એક લાગણી જાગૃત રહે છે કે સર્વસ્વ ગુમાવ્યા પછી પણ કાંઈ ગુમાવવાનું નથી.

સાચે જ આવી ખાત્રી પછી કાંઈ ગુમાવવાનું હોતું નથી. ખરેખર તો મેળવવાનું હોય છે.

જવાબદાર નેતા અને સમૂહનાં ધૈર્ય અને દૃઢનિશ્ચય વિજયી સમૂહનો પાયો છે.

**બધાં યત્નો કર્યા છતાં કોઈ માર્ગ મળે નહીં,**
**નેતા જ એક માર્ગ છે, વિફળ તે થશે નહીં.**

## ૨૭

## સફળ સમૂહ

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ।

જયાં યોગેશ્વર કૃષ્ણ છે, અને ધનુર્ધર પાર્થ છે,
ત્યાં વસે લક્ષ્મી, વિજય, સમૃધ્ધિ, નીતિ, મુજ મત છે.

૧૮(૭૮)

# સફળ સમૂહ

યોગ્ય નેતા અને યોગ્ય સાધક તેમજ યોગ્ય માર્ગદર્શક અને નિષ્ઠાવાન યોગદાતા આ ઉચિતતમ જોડી છે. આથી નક્કર વિકાસ, સમૃધ્ધિ અને સફળતા નિશ્ચિત બને છે.

અનુયાયી વિનાના નેતાનો કોઈ અર્થ નથી કારણકે તે પોતાનું સ્વપ્ન સાકાર કરી શકતો નથી તેમજ નેતા વિના જૂથ દિશાહીન હોય છે. તેથી અસરકારક નેતૃત્વ અને કાર્યનિષ્ઠ જૂથનું જોડાણ એ જ સર્વશ્રેષ્ઠ છે. પરિણામે એક બાજુ માર્ગદર્શન અને ઉત્સાહ અને બીજી બાજુ દીર્ઘદૃષ્ટિ અને જીવનકાર્ય એવો અનુપમ સંયોગ થાય છે જ્યારે નેતા દૃષ્ટા હોય ત્યારે સમૂહ કાર્યનિષ્ઠ હશે.

જવાબદાર નેતા પથદર્શક મુખ્ય પ્રકાશ છે અને કાર્યનિષ્ઠ સાધકો એન્જિન છે. શક્તિશાળી એન્જિન, પ્રખર પ્રકાશ સાથે અસાધારણ પ્રગતિ કરી શકે છે.

નેતા અને સમૂહે માત્ર સફળતા અને સમૃધ્ધી નહીં પરંતુ સાથોસાથ નિશ્ચિત વિકાસ અને યોગ્ય નીતિધોરણોને પણ એટલું જ ધ્યાન આપવાનું હોય છે.

આ નક્કર વિકાસ એટલે એવો સમગ્ર વિકાસ જેમાં પ્રગતિ, વિસ્તાર, સમૃધ્ધિ, વૃધ્ધિ પ્રત્યેકનો અને બધાંનો વિકાસ.

આ માટે યોગ્ય નીતિધોરણો માર્ગદર્શિકા છે જેનાથી લક્ષ્ય તરફ આગળ વધવાની સુસંબધ્ધ, સ્પષ્ટ દિશા મળે છે.

દૂરદૃષ્ટિ, અંતર્જ્ઞાન અને સર્વકલ્યાણ સાધવા સંવાદિતા અને સ્પષ્ટતા અતિ આવશ્યક તત્ત્વો છે.

**દિશા અને ઉત્સાહ છે તથા નિયમ નીતિ જ્યાં,**
**સંવાદિતા પ્રગતિ ને સુખ સમૃધ્ધિ શાંતિ ત્યાં.**



Guruji Shri G. Narayana (65), is Chairman Emeritus of Excel Industries Limited, Chairman and Director of several companies and a Mentor, Contributor, Educator and Trainer in Management.

He is a mentor to several chief executives, executives, lecturers, students, corporations, management institutions, universities, colleges, schools and social, spiritual and voluntary organizations.

He has adopted a missionary life of contributing and assisting several people to experience their own inner light and potential and for peace and harmony amongst different people and groups.

Guruji is recognized and respectfully called as "Arsha Vidya Vibhushana", "Soujanya Premeshraya", "Sarva Vedanta Daksha", "Vedodharaika Diksha", "Pitamaha", "Mahatma", and "Brahmiparayana" by Industry, Laureates, Yogis, Acharyas and Seers.